# फिनकेयर एसएफबी का मुनाफा बढ़ा

फिनकेयर स्माल फाइनेंस बैंक ने वित्त वर्ष 2019 के छह महीने में 42.3 करोड़ रु. का कर बाद लाभ दर्ज किया है। बैंक के सकल लोन पोर्टफोलियो में 99 प्रतिशत की वृद्धि हुई, जो कि 30 सितंबर, 2018 को 2,899 करोड़ रुपये रही। बैंक ने 1,455 करोड़ रुपये की जमा राशि भी अर्जित की है, जो वर्ष दर वर्ष 383 प्रतिशत की वृद्धि है, इसमें खुदरा जमा राशि कुल जमा राशि का 34 प्रतिशत है।

Vyapar, Dec 10, 2018

# ફિનકેર NRI ડિપોઝિટથી ₹300 કરોડ મેળવશે

**નવગુજરાત સમય** > અમદાવાદ

ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેન્ક એનઆરઆઈ અને એનઆરઓની ડિપોઝિટ પર સૌથી વધુ 9 ટકાનું વ્યાજ ઓફર કરશે. ગુજરાતમાં બેન્ક દ્વારા આ વર્ગને સૌથી વધુ વ્યાજ ઓફર થશે એમ બેન્કના સીઓઓ સોહમ શુક્લા (રૂરલ બેન્કિંગ)એ જણાવ્યું હતું. આ સિઝનમાં બેન્ક ₹300 કરોડની ડિપોઝિટ એનઆરઈ વર્ગ પાસેથી મેળવવાનો લંક્ષ્યાક ધરાવે છે. બેન્કની સપ્ટેમ્બર 2018ને અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં એયુએમ ₹2,899 કરોડની રહી હતી જેમાં 99 ટકાનો ઊછાળો આવ્યો હતો. જ્યારે બેન્કની ડિપોઝિટ આ ગાળાને અંતે 383 ટકા વધીને ₹1,455 કરોડની રહી હતી. ગુજરાતમાં બેન્કની ડિપોઝિટ ₹300 કરોડની અને એયુએમ ₹700 કરોડની હતી એમ વધુમાં તેમણે કહ્યું હતું. બેન્ક અમદાવાદમાં 517મી નવી બ્રાંન્ચ ખોલશે. આ સાથે ગુજરાતમાં કુલ સંખ્યા વધીને 71ની થશે એમ જણાવીને તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ 2019ને અંતે બેન્કની કુલ એયુએમ ₹4,000 કરોડના સ્તરે અને ડિપોઝિટ ₹2,200 કરોડની સપાટીને વટાવી જવાનો અંદાજ છે. હાલમાં એનબીએફસી ક્ષેત્રે નાણાં પ્રવાહિતાની સમસ્યા સર્જાતા બેન્કના ભાવિ અંદાજોમાં ઘટાડો કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે એમ વધુમાં તેમણે કહ્યું હતું. દરમિયાન બેન્કે હાલમાં ટુ-વ્હિલર્સ પર લોનની કામગીરી શરૂ કર્યા બાદ હવે જાન્યુઆરીથી હાઉસિંગ લોનનું કામકાજ પણ શરૂ કરશે. આગામી મહિનાઓમાં રિકરિંગ અને કોર્પોરેટ સેલેરી એકાઉન્ટ સર્વિસ શરૂ કરાશે એમ વધુમાં તેમનું કહેવું હતું.

Nav Gujarat Samay, Dec 10, 2018

# ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંકે એનઆર પ્રોડક્ટ્સ રજૂ કરી

**અમદાવાદ:** સ્મોલ ફાઈનાન્સ બેંક ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંકે પ્રથમવાર નોન-રેસિડન્ટ(NR) પ્રોડક્ટ્સ રજૂ કરી છે. બેંક NRE અને NRO, બંને પાસેથી ફિક્સ્ડ ડિપોઝિટ્સ સ્વીકારશે અને તેમાં ૯ ટકા સુધીનું વ્યાજ આપશે. જે હાલમાં ઓફર કરવામાં આવતા ઊંચા રેટ્સ પૈકીના એક છે એમ બેંકના ફિનકેર સ્મોલ ફાઈનાન્સ બેંકના રુરલ બેંકિંગના સીઓઓ સોહમ શુક્લે જણાવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ વિશ્વભરમાં ફેલાયેલા ભારતીય ડાયસ્પોરામાં ગુજરાતી સમુદાયનો હિસ્સો ૩૩ ટકા જેટલો છે અને તેઓ સૌથી મોટો એનઆરઆઈ સમુદાય છે. ગુજરાતમાં સૌથી વધુ શાખા ધરાવતી હોવાના કારણે બિન-નિવાસી ગુજરાતીઓ તરફથી દેશમાં થતા રોકાણનો નોંધપાત્ર લાભ મેળવવાની અપેક્ષા છે. એનઆરઆઈ પ્રોડક્ટ્સ સાથે બેંક ૧૦ જાન્યુઆરીએ અમદાવાદમાં પ્રહલાદનગર ખાતે ૫૧૮મી શાખા પણ શરૂ કરશે, જ્યારે ૧૧ જાન્યુઆરીએ તે મુંબઈ ખાતે પણ તેની પ્રથમ શાખાનું ઉદ્ઘાટન કરશે. હાલમાં બેંક ૧૨ રાજ્યોમાં તેની કામગીરી ધરાવે છે. તેમજ કુલ ૧૨.૫ લાખ ગ્રાહકો ધરાવે છે. જ્યારે ૪.૫ લાખ સેવિંગ્સ બેંક એકાઉન્ટ્સ ધરાવતી દેશની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક છે.

The Economics Times, Dec 10, 2018